બેટ પર રહેતા ૨૫૪ મતદારો માટે અલાયદી વ્યવસ્થા

નર્મદા નદીના ટાપુ પર બનશે સૌથી અલાયદું મતદાન મથક

● ભરૂચ, તા.૬

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માં ભરૂચ જિલ્લાનું આલીયાબેટ સ્થિત પોલિંગ બૂથ આખા દેશના તમામ મતદાન મથકથી અલગ પડે છે. આલીયાબેટ નર્મદા નદી અને ખંભાતના અખાત વચ્ચે આવેલો વિશાલ બેટ છે જ્યાં પીવાનું પાણી, રસ્તા , વીજળી અને એકપણ પાકું મકાન નથી. બેટ પર રહેતા ૨૫૪ મતદારો માટે ચૂંટણી પંચે અલાયદી વ્યવસ્થા ઉભી કરી છે. બેટ પર કન્ટેનર મુકવામાં આવ્યું છે જેમાં મતદાન થશે. આ અગાઉ અહીંના મતદાન મતદાન કરવા ૮૨ કિલોમીટરનું અંતર કાપીને મતાધિકારનો ઉપયોગ કરવા મતદાન મથક પહોંચતા હતા.ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાની મહેસુલી હદમાં આવેલા અને અંતરિયાળ તેમજ ચોતરફ પાણીથી ઘેરાયેલા આલિયા બેટના ૧૩૬ પુરૂષ અને ૧૧૮ સ્ત્રી મતદારો મળી કુલ ૨૫૪ મતદારો માટે ચૂંટણી વિભાગ દ્વારા શિપિંગ કન્ટેનરમાં મતદાન મથક ઉભું કરાયું છે. ખભાતના અખાત અને નર્મદા મૈયાના સંગમ સ્થાને આવેલા આલિયા બેટના મતદારો માટે આ વિશેષ વ્યવસ્થા ઉભી કરાઈ છે. દેશમાં વર્ષ ૧૯૫૧-૫૨માં દેશભરમાં યોજાયેલી પ્રથમ ચૂંટણી અને ત્યાર બાદ વર્ષ ૨૦૨૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણી સુધી ૭૦ વર્ષ એટલેકે ૭ દાયકા સુધી યોજાયેલી સ્થાનિક સ્વરાજ્ય, લોકસભા-વિધાનસભા ચૂંટણીઓમાં અહીંના મતદારો નાવડીમાં સવાર થઈને જળમાર્ગે ૧૫ કિમી અથવા આલિયાબેટથી જમીન માર્ગે ૮૨ કિલોમીટર દૂર આવેલા કલાદરા ગામમાં મતદાન કરવા જતાં હતાં.

ભરૂચ જિલ્લાના અંતરિયાળ આલિયાબેટના ભૌગોલિક સ્થાનના કારણે રાજ્ય કે કેન્દ્ર સરકારની સરકારી બિલ્ડીંગ અહીં ઉપલબ્ધ ન હોવાથી શિપિંગ કન્ટેનરમાં મતદાન કરવા માટે હંગામી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. અહીં મતદારો સામૂહિક મતદાન કરી લોકશાહીની ફરજ બજાવવા ઉત્સુક છે. ચૂંટણી પૂર્ણ થયા બાદ કન્ટેનરને પ્રાથમિક સ્કુલમાં તબદીલ કરી દેવામાં આવશે જેમાં હાલ બેટના ૫૦ બાળકોને શિક્ષણ આપવામાં આવશે.અહીં એ વાતનો ઉલ્લેખ કરવો રહ્યો કે બેટ પાર વીજળી નથી ત્યારે ઉપકરણોને ચલાવવા સોલર પેનલ દ્વારા ઉત્પન્ન થતી વિજળીથી કન્ટેનરના ટ્યુબલાઈટ અને પંખા ચલાવવામાં આવે છે.કચ્છથી ૩૫૦ વર્ષ પહેલાં જત જાતિના લોકો પશુધન સાથે આલિયાબેટ આવી વસ્યા હતા. જેઓ પાયાની સુવિધાઓ વગર અહીં જીવે છે અને પશુપાલનના વ્યવસાય પર નભે છે.

ખેડૂતનો પુત્રના આર્થિક ત્રાસથી કંટાળી જઇ ગળાફાંસો ખાઈ આપઘાત

● જામનગર,તા.૬

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના ભણગોર ગામમાં રહેતા એક ખેડૂતે પોતાના જુગારની લતે ચડી ગયેલા પુત્રના આર્થિક વ્યવહારના ત્રાસના કારણે ઝેરી દવા પી લઈ ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી છે. પુત્ર ઓનલાઈન ગેમિંગમાં મોટી રકમમાં હારી ગયો હોવાથી અને પોતાના કયામાં ન હોવાથી સગા વ્હાલા ની પૈસાની ઉઘરાણી વગેરેના ત્રાસથી કંટાળી જઇ આપઘાત નું પગલું ભરી લીધા નું પોલીસમાં જાહેર થયું છે.આ બનાવની વિગત એવી છે કે લાલપુર તાલુકાના ભણગોર ગામમાં રહેતા અને ખેતી કામ કરતા તેમજ કટલેરી ની દુકાન ચલાવતા દિપકભાઈ સુભાષભાઈ માણાવદરિયા નામના ૪૭ વર્ષના પટેલ ખેડૂતે ગઈકાલે પોતાની વાડીમાં જંતુનાશક દવા પી લીધા પછી આંબાના ઝાડમાં રસ્સી બાંધી ગળાફાંસ દ્વારા આત્મહત્યા કરી લીધી હતી.આ બનાવ અંગે મૃતકના નાના ભાઈ હિતેશભાઈ સુરેશભાઈ માણાવદરિયાએ પોલીસને જાણ કરતાં લાલપુરના એએસઆઈ ડી.સી. ગોહિલ ઘટના સ્થળે દોડી ગયા હતા, અને મૃતદેહ નો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસમાં જાહેર કરાયા અનુસાર મૃતક દીપકભાઈ નો પુત્ર ચાંદ (ઉ.વ.૨૪) કે જે આર્થિક વ્યવહારના કારણે પોતાના કહ્યામાં રહ્યો ન હતો, અને આજથી એકાદ વર્ષ પહેલાં પોતાનો પુત્ર કહયામાં નથી અને તેની સાથે કોઈએ આર્થિક વ્યવહાર કરવો નહીં, તેવી અખબારમાં જાહેરાતો પણ પ્રસિદ્ધ કરાવી દીધી હતી.ત્યારબાદ છેલ્લા છ માસથી તેનો પુત્ર ચાંદ ઘર છોડીને ચાલ્યો ગયો હતો, ત્યારથી દિપકભાઈ ગુમસુમ રહેતા હતા, અને આખરે ગઈકાલે જિંદગીથી કંટાળી જઇ ગળાફાંસા દ્વારા આપઘાત કરી લીધો હોવાનું જાહેર કરાયું હતું. પોલીસને વધુમાં જણાવ્યા અનુસાર મૃતક દીપકભાઈ નો પુત્ર ચાંદ કેજે અગાઉ ઓનલાઈન ગેમિંગમાં મોટી રકમ હારી ગયો હોવાથી તેણે સગા સંબંધીઓ પાસેથી ઉછીના પૈસા મેળવી ને મોટો કરજો કરી લીધો હતો.પિતા પાસે તમામ લોકોએ પૈસાની ઉઘરાણી કરી હોવાથી સમગ્ર મામલો સામે આવ્યો હતો, અને પોતાનનો પુત્ર કહ્યામાં નથી, અને કોઈએ આર્થિક વ્યવહાર કરવો નહીં, તેવી જાહેરાત પણ કરાવી હતી. આ સમગ્ર મામલે લાલપુર પોલીસ વધુ તપાસ ચલાવે છે.

નિલેશ કુંભાણીના ટેકેદારો સામે ખોટી એફિડેવિટ બદલ નોટિસ

કુંભાણી અને તેમના ટેકેદારો સામે ફોર્મમાં ખોટી સહીનો આરોપ મૂકવામાં આવ્યો છે

● સુરત,તા.૬

કોંગ્રેસ રહીરહીને જાગી છે. ભાજપ સામેના કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફોર્મ નામાંકનના અંતિમ દિવસે ઉમેદવારોની ખોટી સહીના મુદ્દે રદ થતાં કોંગ્રેસ મેદાનમાં આવી છે. આ પગલાંના કારણે કોંગ્રેસનું ફોર્મ રદ થતાં ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ જીત્યા હતા.આના પગલે કુંભાણી અને તેમના ટેકેદારો સામે પગલાં લેવાની માંગે કોંગ્રેસમાં જોર પકડ્યુ હતુ. છેવટે કોંગ્રેસના લીગલ સેલે પોલીસ કમિશ્નરમાં અરજી કરી કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ કરી છે. કુંભાણી અને તેમના ટેકેદારો સામે ફોર્મમાં ખોટી સહીનો આરોપ મૂકવામાં આવ્યો છે.

કોંગ્રેસના લીગલ સેલના વકીલ ઝમીર શેખે મંતવ્ય ન્યુઝ સાથે ખાસ વાતચીતમાં આ વાત જણાવી હતી. એડવોકેટ ઝમીર શેખના જણાવ્યા મુજબ ટેકેદારોએ ફોર્મમાં પોતાની જ સહી હતી. પોલીસ કમિશ્નર સામે તાત્કાલિક કાર્યવાહીની માંગ કરવામાં આવી છે. આના પગલે કુંભાણીની સાથે તેમના ટેકેદારો પણ મુશ્કેલીમાં મૂકાઈ શકે છે. ચૂંટણી પૂરી થવાની સાથે જ આ કાર્યવાહી વેગ પકડી શકે છે.

કુંભાણીને સસ્પેન્ડ કરવા કોંગ્રેસ દ્વારા એક પત્ર જાહેર કરવામાં આવ્યો હતો. જેમા કહેવામાં આવ્યું હતુ કે, કોંગ્રેસ પક્ષે નિલેશ કુંભાણીને સંસદની ટિકિટ આપી હતી. સૌરાષ્ટ્રના અનેક પાટીદારો તથા અન્ય સૌરાષ્ટ્રના લોકો કે જેઓ સુરત સ્થિત થયા છે તેમના પ્રતિનિધિ તરીકે તમે અવાજ ઉઠાવો તેવી ગણતરી પક્ષની હતી.

કોંગ્રેસે પાઠવેલી નોટિસમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે તમારા ફોર્મને રદ કરવામાં આવ્યું તેમા સ્પષ્ટપણે તમારી નિષ્કાળજી અને બેદરકારી દેખાઈ રહી છે. આમ છતાં કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ તમે આવીને પૂરી સ્પષ્ટતા કરી શકો છો અને તમારો પક્ષ રજૂ કરી શકો છો. તે માટે શિસ્ત સમિતિએ તમને સમય આપ્યો હતો. હવે તમે નાટ્યાત્મક રીતે અદ્રશ્ય થઈ ગયા છો. કોઈપણ જાતનો ખુલાસો ન કરતાં પક્ષે તમને છ વર્ષ માટે સસ્પેન્ડ કરવાનો નિર્ણય લીધો છે.

અમરેલીમાં એસબીઆઇના કસ્ટમર કેર અધિકારીની ખોટી ઓળખ આપી ૧૦ લાખ રૂપિયા સેરવી લીધા

● અમરેલી,તા.૬

૫૧ વર્ષીય સીઆઈએસએફ ઓફિસર રામ પવિત્ર રામ સાથે અજાણી વ્યક્તિ દ્વારા ૯,૯૩,૨૯૯ નો સાઈબર ફ્રોડ કરવામાં આવ્યું હોવાની ઘટના સામે આવી છે. સમગ્ર મામલે મૂળ પશ્ચિમ બંગાળના બર્ધમાન જિલ્લાના વતની અને હાલ રાજુલા ખાતે ઈલેકશન ડ્યુટીમાં ફરજ બજાવી રહેલા સીઆઈએસએફના ઓફિસર સાથે ઓનલાઈન છેતરપિંડી થઈ છે. તેમણે સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશન અમરેલી ખાતે આઈપીસી ૪૦૬, ૪૧૯ તેમજ આઈટી એક્ટ હેઠળ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. અજાણ્યા વ્યક્તિ દ્વારા રામ પવિત્ર રામને ફોન કરીને એસબીઆઈના કસ્ટમર કેર અધિકારીની ખોટી ઓળખ આપવામાં આવી હતી. તેમજ ત્યારબાદ રામ પવિત્ર રામને પોતાના વિશ્વાસમાં લઈ તેમના મોબાઈલ ફોનના વોટએપમાં ફાઈલ મોકલી એપ્લિકેશન ડાઉનલોડ કરાવી રામ પવિત્ર રામના એસબીઆઈ એકાઉન્ટમાંથી જુદા જુદા રકમના ટ્રાન્જેક્શન કરીને કુલ ૯,૯૩,૨૯૯ રૂપિયા જેટલી રકમ ઉપાડી લઈ છેતરપિંડી આચરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.સમગ્ર મામલે પોલીસને આપેલી ફરિયાદમાં રામ પવિત્ર રામ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, હું સીઆઈએસએફ યુનિટ ચેન્નઈ તમિલનાડુ ખાતે ફરજ બજાવું છું. હાલ લોકસભાની સામાન્ય ચૂંટણી હેઠળ અમારી ઈલેકશન કંપની ગુજરાત રાજ્યના અમરેલી જિલ્લાના રાજુલા તાલુકા ખાતે ફરજમાં છે. અગાઉ કોલકત્તા ખાતે જમીન ખરીદવા માટે સ્વપ્રભૂમિ પ્રાઈવેટ લિમિટેડ નામની રીયલ એસ્ટેટ કંપનીનો સંપર્ક કરવામાં આવ્યો હતો.જેને એડવાન્સ પેટે ૫૦૦૦૦ રૂપિયાનું પેમેન્ટ કરવામાં આવ્યું હતું. પરંતુ જમીનની ડીલ કેન્સલ થતા એડવાન્સ પેટે જે રકમ આપેલી હતી તે કંપની દ્વારા બે ટકા કાપીને ૪૯ હજાર રૂપિયા મારા પત્ની માયાદેવીના નામથી ચેક આપવામાં આવ્યો હતો. જે ચેક મારી પત્નીએ બેંકમાં વટાવી દીધો હોવા છતાં ખાતામાં રૂપિયા જમા નહોતા થયા. જેના કારણે ત્રીજી મેં ૨૦૨૪ ના રોજ પત્નીએ બેંકમાં જમા કરાવેલા રૂપિયા જમા થયા છે કે કેમ તે બાબતે મોબાઈલ ફોનમાં એસબીઆઈ એપ્લિકેશન ચેક કરવા માટે ખોલવા જતા તેઓ ઓપન નહોતી થતી.

ઘટનાને અંજામ આપે એ પહેલા દબોચી લેવાયો

સુરત પોલીસે ખુંખાર શિવા મહાલિંગમ અને તેના સાગરીતોને ઝડપી પાડ્યા

● સુરત, તા.૬

લોકસભાની ચૂંટણીને લઈને સુરત શહેર પોલીસ દ્વારા સતત ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત ગુનાખોરી અટકાવવા માટે પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે સુરત ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે, માન દરવાજાથી શાસ્ત્રીનગર તરફ જતા રોડ પર નેશનલ ગેરેજની સામે એક શખ્સ પાસે પિસ્તોલ છે. આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચે શાહરૂખ નામના ઈસમને ઝડપી પાડ્યો હતો. જણાવી દઈએ કે, પોલીસે તેની તપાસ કરતાં શાહરુખ પાસેથી બે પિસ્તોલ અને ૧૦ કાર્ટેજ મળી આવ્યા હતા.

શાહરૂખની જ્યારે પૂછપરછ કરવામાં આવી ત્યારે પોલીસના ધ્યાને આવ્યું હતું કે, આ હથિયાર શિવા મહાલિંગમ અને ફિરોજ ઉર્ફે લંગડાને આપવાનો હતો. ત્યારે બાતમીના આધારે પોલીસ દ્વારા શિવા મહાલિંગમ અને ફિરોજ ઉર્ફે લંગડાને પણ ઝડપી પાડ્યો છે.

પોલીસની તપાસમાં સામે આવ્યું છે કે, શિવા કે જેનો ઝઘડો અમદાવાદમાં રતલામ કાફે ચલાવતા મુદ્રસ્તર ખાન, બાબુ મોજાહીદ તેમજ મુશ્કિન સાથે થયો હતો. આ ત્રણમાંથી કોઈ એક મળી જાય ત્યારે તેની આ ઈસમો તેની હત્યાને અંજામ આપવાના હતા અને એટલા માટે હથિયારો લેવા માટે સુરત આવ્યા હતા. પોલીસે આ આરોપીઓ હત્યાની ઘટનાને અંજામ આપે તે પહેલા જ તેની ધરપકડ કરી લેવામાં આવી છે.

મહત્વનું છે કે , તાજેતરમાં બનેલી અન્ય એક ગુનામાં આ આરોપીઓ વોન્ટેડ છે. ૬ માર્ચ ૨૦૨૪ના રોજ અમદાવાદથી ચાંદીના પાર્સલો લઈને રાજકોટ જઈ રહેલી એક ગાડીને આ ત્રણેય આરોપીઓએ અને અન્ય સાથીદારોએ ભેગા મળીને ઉભી રખાવી હતી. ત્યારબાદ બંદૂક તેમજ અન્ય હથિયારો વડે પાર્સલ લઈ જતા લોકોને ઈજા પહોંચાડી ગાડીમાંથી ચાંદીના અલગ અલગ ચાર પાર્સલો કે જેનું વજન ૨૨ કિલો હતું તેની લૂંટ ચલાવી હતી. આ ઉપરાંત શુદ્ધ ચાંદી ૧૯ કિલો આમ કુલ મળીને ૧૦૭ કિલો ચાંદી કે જેની કિંમત ૬૮,૬૨,૪૦૮ રૂપિયા થાય છે તેની લૂંટ કરી હતી અને ત્યારબાદ આ આરોપીઓ ભાગી ગયા હતા અને આ ગુનામાં ત્રણેય વોન્ટેડ છે.

જામનગર-રાજકોટ ધોરી માર્ગ પર પેટ્રોલ પંપને તસ્કરોએ નિશાન બનાવ્યું

● જામનગર,તા.૬

જામનગર- રાજકોટ ધોરી માર્ગ પર જાયવા ગામના પાટીયા પાસે આવેલા એક પેટ્રોલ પંપને ગઈ રાત્રિ દરમિયાન તસ્કરોએ નિશાન બનાવી લીધું હતું, અને અંદરથી રૂપિયા એક લાખ તેર હજારની રોકડ રકમની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ ધ્રોલ પોલીસ મથકમાં નોંધાવાઈ છે. પોલીસ તપાસ દરમિયાન સીસીટીવી કેમેરામાં ચાર તસ્કરો દેખાયા હોવાથી પોલીસ દ્વારા તેઓની શોધખોળ ચલાવાઈ રહી છે.

આ બનાવની વિગત એવી છે કે રાજકોટમાં રહેતા ગીરીરાજસિંહ હરિશ્ચંદ્ર સિંહ ગોહિલ કે જેઓની માલિકીનો વિરાજ પેટ્રોલિયમ નામનો પેટ્રોલ પંપ જામનગર-રાજકોટ ધોરી માર્ગ પર ધ્રોલ નજીક જાયવા ગામના પાટીયા પાસે આવેલો છે. જે પેટ્રોલ પંપના કર્મચારીઓ ગઈ રાત્રિના ઓફિસના તાળા મારીને બહાર સુતા હતા, જે દરમિયાન પાછળથી કોઈ તસ્કરોએ પેટ્રોલ પંપના દરવાજાના લોક તોડી નાખી, અંદર પ્રવેશ મેળવી લીધો હતો અને ટેબલના ખાનામાં રાખેલી પેટ્રોલ પંપના હિસાબની એક લાખ તેર હજારની રોકડ રકમની ચોરી કરી લઈ ગયા હતા.

સવારે છ વાગ્યે પેટ્રોલ પંપના કર્મચારીઓએ જાગીને ચેક કરતાં ઓફિસના દરવાજાના તાળા તૂટેલા જણાયા હતા, જ્યારે અંદર ટેબલના ખાના તથા અન્ય માલ સામાન વેરણ છેરણ જણાયો હતો. તેથી તેઓએ તુરતજ પેટ્રોલ પંપ ના માલિક ગીરાજસિંહ ગોહિલ ને જાણ કરતાં તેઓ રાજકોટ થી જાયવા ગામે આવી પહોંચ્યા હતા, અને પેટ્રોલ પંપમાં લગાવેલા સીસીટીવી કેમેરા વગેરે ચેક કરતાં રાત્રિના ત્રણ વાગ્યાથી ચાર વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન ચાર તસ્કરો આવ્યા હોવાનું, જેમાં બે તસ્કરો બહાર રેકી કરતા હોવાનું અને બે તસ્કરો અંદર ચોરી કરવા માટે ઘૂસયાનું જોવા મળ્યું હતું. જેથી તેઓએ ધ્રોલ પોલીસને જાણ કરી હતી, અને રૂપિયા ૧ લાખ ૧૩ હજારની રોકડ રકમની ચોરી થઈ ગયા અંગેની ધ્રોલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

જે ફરિયાદના અનુસંધાને ધ્રોલના પી. એસ.આઈ પી.જી. પનારા તેઓના સ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા, અને પેટ્રોલ પંપમાં લગાવેલા સીસીટીવી કેમેરા ના ફૂટેજ નિહાળીને ચોર ટોળકી ને શોધવા માટેની કવાયત હાથ ધરી છે.

નરાધમ પિતાએ હેવાનિયતની હદ વટાવી

પુત્રી પર દુષ્કર્મ કેસમાં સજા પડ્યા બાદ જામીન પર બહાર આવેલા પિતાએ પુત્રી સાથે ફરી દુષ્કર્મ આચર્યું

● નડિયાદ

મહેમદાવાદ પંથકમાં રહેતા અને વિવિધ ગુનાઓમાં સંડોવાયેલા ક્રિમિનલ માઈન્ડ ધરાવતા ઈસમે બે વર્ષ અગાઉ પોતાની સગીર પુત્રી પર જાતીય અત્યાચાર ગુજાર્યો હતો. આ કેસમાં નડિયાદ કોર્ટે પિતાને દોષિત ઠેરવીને આજીવન કેદની સજા ફટકારી છે. આ કેસમાં જામીન પર છૂટ્યા બાદ નરાધમે ફરી એકવાર પુત્રીને હવસનો શિકાર બનાવતા ચકચાર મચી હતી. જે કેસમાં નડીયાદની કોર્ટમાં ચાલી જતા કોર્ટે આરોપીને આજીવન કેદની સજા ફટકારી છે.મહેમદાવાદ તાલુકાના એક ગામમાં રહેતા નરાધમ પિતાએ પોતાની સગી દીકરીને તેણીના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપી ૨૩ મે ૨૦૨૨ના રોજ રાતના સમયે પોતાના ઘરે તથા ખુલ્લી જગ્યામાં લઈ જઈને દુષ્કર્મ આચાર્યું હતું. અવાર નવાર તે આવી રીતે કૃત્ય કરતો હતો. પોલીસે દુષ્કર્મનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. આ બાદ તપાસ કર્યા પછી ચાર્જસીટ નડિયાદ કોર્ટમાં મૂકી હતી.આ કેસ નડીઆદના મહે.ત્રીજા જોઈન્ટ ડીસ્ટ્રીકટ અને સ્પે.જજ (પોકસો) એસ.પી.રાહતકરની કોર્ટમાં ચાલી ગયો હતો. જિલ્લા સરકારી વકીલ ધવલ. આર.બારોટની દલીલોને તેમજ સાહેદોના પુરાવા અને દસ્તાવેજી પુરાવાઓ વિગેરે ધ્યાને લઈ ગુનો ખુબ જ હેવાનીયત ભરેલો અને આરોપીની અંદર રહેલ વિકૃત માનસિકતા દર્શાવે છેઆરોપી અગાઉના ગુનામાં આજીવન કેદની સજા થઈ હતી. પરંતુ વચગાળાના જામીન પર તે બહાર આવ્યો હતો. ત્યારબાદ ફરી પોતાની જ પુત્રીને હવસનો શિકાર બનાવતા બીજી વાર દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ હતી.

રૂપાલા સામે ક્ષત્રિયોના વિરોધ વચ્ચે ભાજપે ભર્યું પગલું

ભાજપને મત આપીને મોટું દિલ બતાવવાની અપીલ કરી

● રાજકોટ, તા.૬

ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર ૭ મેના રોજ મતદાન છે. મતદાન પહેલા ભાજપે રાજપૂત સમુદાયને મનાવવા માટે એક છેલ્લી ચાલ કરી હતી. ભાજપના તમામ ક્ષત્રિય આગેવાનોએ નિવેદનો આપી સમાજને ભાજપને મત આપવા અપીલ કરી હતી.

કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાના વિવાદાસ્પદ નિવેદનથી નારાજ ક્ષત્રિય મતદારોને મનાવવા માટે ભાજપે મોટી અને આખરી પગલું ભર્યું છે. ભાજપના તમામ ક્ષત્રિય આગેવાનોએ રાજપૂત સમાજને રવિવારે લોકસભા ચૂંટણી પ્રચારના અંત પહેલા રાષ્ટ્રીય હિતમાં ભાજપને મત આપવા અપીલ કરી છે. ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર ૭મી મેના રોજ મતદાન થવાનું છે.

મળતાં અહેવાલ મુજબ ગુજરાતમાં ભાજપના વરિષ્ઠ ક્ષત્રિય નેતાઓ ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, આઈ.કે.જાડેજા, પ્રદીપસિંહ જાડેજા, માંધાતાસિંહ જાડેજા, કેસરી દેવસિંહ ઝાલા, બળવંતસિંહ રાજપૂત, જયદ્રથસિંહ પરમાર, મહેન્દ્રસિંહ સરવૈયા, કિરીટસિંહ રાણા, ધર્મેન્દ્રસિંહ સિંહ જાડેજા, સી.કે. રાઉલજી, અરુણસિંહ રાણા, વિરેન્દ્રસિંહ જાડેજા અને પ્રદ્યુમનસિંહ જાડેજાએ એક નિવેદન જારી કરીને તેમના સમુદાયને ભાજપને મત આપીને મોટું દિલ બતાવવાની અપીલ કરી હતી. ત્યારે ઉપરોક્ત નેતાઓએ તેમના નિવેદનમાં જણાવ્યું હતું કે, ×પુરષોત્તમ રૂપાલાએ તેમના નિવેદન પર દુઃખ વ્યક્ત કર્યું છે અને ક્ષત્રિય સમાજની ઘણી વખત માફી માંગી છે.× રૂપાલાએ વારંવાર માફી માગી ત્યારે ક્ષત્રિય સમાજે 'ક્ષમા વીરસ્ય ભૂષણમ'ના નારા લગાવીને ત્યાગ અને બલિદાનની ભવ્ય પરંપરા દર્શાવીને રાષ્ટ્રહિતમાં ઉદારતા દાખવવી જોઈએ.

ભાજપ ગુજરાતના ક્ષત્રિય આગેવાનોએ જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી શક્તિ બનવા જઈ રહ્યું છે. આ સંદર્ભમાં દેશ અને સનાતન ધર્મની રક્ષા કરવી એ આપણી ફરજ છે. જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી ભારતને ગૌરવ અપાવી રહ્યા છે, ત્યારે તેમની સાથે સહકાર આપવો અને આ લોકશાહી પ્રક્રિયાનો ભાગ બનવું એ આપણું રાષ્ટ્રીય કર્તવ્ય છે. ભાજપના નેતાઓએ કહ્યું કે, તેઓ પણ રૂપાલાના નિવેદનથી દુખી અને આઘાતમાં છે. જોકે, તેમણે કહ્યું કે, દેશ અને રાજ્યના વિકાસમાં ક્ષત્રિય સમાજનો ફાળો છે.

રાજકોટમાં રોગચાળો યથાવત

શરદી-ઉધરસનાં ૭૪૧ સહિત વિવિધ રોગના ૧૩૧૬ કેસ નોંધાયા

● રાજકોટ

રાજકોટમાં હાલ ગરમીમાં નોંધપાત્ર વધારો થવા છતાં શરદી-ઉધરસ અને તાવ સહિત વાયરલ ઈન્ફેક્શનનાં કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. જેમાં મેલેરિયાનો ૧ સહિત વિવિધ રોગોનાં મળીને કુલ ૧૩૧૬ કેસ નોંધાયા છે તો તાપમાનનો પારો પણ વધતા આરોગ્ય વિભાગ દોડતું થયું છે. ગત સપ્તાહે વિવિધ રોગનાં કુલ ૧૪૦૦ કરતા વધુ કેસ નોંધાયા હતા. જેની સામે ચાલુ સપ્તાહે ૧૩૧૬ કેસ સામે આવ્યા છે. જેમાં મેલેરિયા જેવા રોગનો દર્દી પણ સામે આવતા આરોગ્ય વિભાગની ચિંતા વધી છે. જોકે, આ આંકડાઓ માત્ર મનપા સંચાલિત આરોગ્ય કેન્દ્રોનાં છે. ત્યારે નાના-મોટા ખાનગી ક્લિનિકો ધ્યાનમાં રાખીએ તો આંકડો ૫ ગણો એટલે કે, ૬,૫૦૦ કરતા વધુ હોવાની શક્યતા છે.

પ્રાપ્ત વિગત મુજબ છેલ્લા એકાદ સપ્તાહથી શહેરની સૌથી મોટી સિવિલ હોસ્પિટલ તેમજ મનપા સંચાલિત આરોગ્ય કેન્દ્રોમાં દર્દીઓ મોટી સંખ્યામાં ઉમટી પડતા લાંબી કતારો જોવા મળી હતી. અને મનપાનાં ચોપડે વિવિધ રોગોનાં ૧૩૧૬ કેસ નોંધાયા હતા. જેમાં શરદી- ઉધરસનાં ગત સપ્તાહનાં ૮૭૯ કેસ સામે આ સપ્તાહે ૭૪૧ કેસ, ઝાડા-ઉલટીનાં ૨૫૮ સામે ૨૨૯ અને સામાન્ય તાવનાં ૩૨૮ સામે ૩૪૫ કેસ સામેલ છે. મચ્છરજન્ય રોગચાળામાં મેલેરિયાનો પણ ૧ કેસ સામે આવ્યો છે. જેને લઈને ફોગીંગ સહિતની કામગીરી ઝડપી કરવામાં આવી છે.આરોગ્ય અધિકારી ડો. જયેશ વાકાણીનાં જણાવ્યા હાલ વાયરલ ઈન્ફેક્શનના કેસોમાં વધારો નોંધાયો છે. લોકોએ બપોરના સમયે બિનજરૂરી બહાર નીકળવાનું ટાળવું જોઈએ.

પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી

૭ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી

● અમદાવાદ, તા.૬

છેલ્લા ઘણા દિવસોથી દિલ્હી એનસીઆરની ૧૦૦ થી વધુ શાળાઓને બોમ્બની ધમકી મળી હતી. જે બાદ વહીવટીતંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. આ સાથે જ હવે મળતી માહિતી મુજબ અમદાવાદની સાત શાળાઓને ઈમેલ દ્વારા બોમ્બની ધમકી મળી છે. અમદાવાદ પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. આ મામલે વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે.મતદાનના એક દિવસ પહેલા આજે સવારે એક ઈમેલ આવ્યો હતો જેમાં એક પછી એક ૭ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. જે બાદ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ એક્શનમાં આવી હતી અને ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે.

આ ઘટના અંગે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી અજીત રાજિયને કહ્યું કે આ મેઈલ એક એક્સટર્નલ સર્વરથી આવ્યો છે અને મેઈલ કહે છે કે જેઓ તેનું પાલન નહીં કરે તેમની સામે અમે કડક કાર્યવાહી કરીશું અને અમે તેને ઉડાવી દઈશું. આ સિવાય બીજો મેસેજ પણ આપવામાં આવ્યો છે. પોલીસ, અફવાઓથી સાવધ રહો વધુમાં તેમને જણાવ્યું હતું કે આજે સવારે ૭-૮ શાળામાં એક મેઈલ આવ્યો છે. અમે આ મેલ પર કડક કાર્યવાહી કરીશું, જેઓ નહીં માને તેમને બોમ્બમારો કરવામાં આવશે. એક બાહ્ય સર્વર અને તે નકલી મેઈલ હોવાનું જણાય છે. તેની ટેકનિકલ તપાસ શરૂ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત ભારતમાં આ પ્રકારના મેઈલ સાથે ચેડાં કરવામાં આવી રહ્યા છે, લોકો પર પણ પોલીસ દ્વારા નજર રાખવામાં આવી રહી છે જેથી તેઓને કોઈપણ અજાણ્યું જણાય તો પોલીસને જાણ કરવામાં આવે.

દિલ્હીની જેમ અમદાવાદની શાળાઓને બોમ્બથી ઉડાવાની ધમકી : બોંબ સે ઉડા દેંગે રોક શકે તો રોક લો

ડીપીએસ બોપલ, આનંદ નિકેતન બોપલ,એશિયા ઈંગ્લિશ સ્કૂલ, વસ્ત્રાપુર,કેલોરેક્સ સ્કૂલ, ઘાટલોડિયા,ન્યુ નોબલ સ્કૂલ વ્યાસવાડી, નરોડા,ઓએનજીસી કેન્દ્રીય વિદ્યાલય, ચાંદખેડા, અમૃતા વિદ્યાલય, ઘાટલોડિયા આ શાળાઓને ઈમેલ મળ્યો હતો . જે સ્કૂલોને ધમકીઓ મળી છે તે સ્કૂલોની બોમ્બ ડિસ્પોઝલ ટીમ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત અમદાવાદ સાયબર ક્રાઈમ આ મેઈલ ક્યાંથી અને કોણે મોકલ્યો તેની પણ તપાસ કરી રહી છે. અમદાવાદ પોલીસે લોકોને અપીલ કરી છે કે તેઓ આવી અફવાઓથી સાવધાન રહે અને કોઈપણ શંકાસ્પદ જણાય તો પોલીસને જાણ કરે.

દરમિયાન અમારા પ્રતિનિધિ એ જણાવ્યું કે અમદાવાદમાં દિલ્હીવાળી ઘટના બની છે જેમાં સંખ્યાબંધ શાળાઓને બોમ્બ થી ઉડાવી દેવાની ધમકી મળતા સનસનાટી મચી ગઈ હતી . લોકસભાની ચૂંટણીનું ગુજરાતમાં મતદાન થવા જઈ રહ્યું છે ત્યારે મતદાન માટે અમદાવાદની અનેક શાળામાં વોટિંગ બુથ ઉભા કરવામાં આવ્યા છે.મતદાન પહેલા દિલ્હીની જેમ શહેરની શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી રહી છે.પીએમ મોદી પણ અમદાવાદની શાળામાં મતદાન કરવાના છે તે પહેલા અમદાવાદની સાત શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. આ ધમકીના પગલે શાળાઓમાં પોલીસે તપાસ હાથ ધરી છે બોમ્બ ડિસ્પોઝલ ટીમ પણ ઘટના સ્થળ પર પહોચી ગઈ છે. જેમાંથી ત્રણ શાળાના નામ સામે આવ્યા છ